

બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણીના પ્રચાર-પ્રસાર માટે આજે રાજ્યના ગૃહરાજ્ય મંત્રી રજનીકાંતભાઈ પટેલ દાંતીવાડા મુકામે આવ્યા હતા અને ભાજપને ભવ્ય વિજય અપાવવા કાર્યકરોમાં જોમ અને જુસ્સો વધાર્યો હતો. (તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

## ડીસાના બજરંગ નગરના રહીશોએ ગંદકીના મામલે આવેદનપત્ર આપ્યુ

ડીસાના બજરંગ નગરમાં સર્જાયેલ ગંદગીની સમસ્યા ના મામલે રહીશો દ્વારા નગરપાલિકાને આવેદન પત્ર અપાયુ હતુ. સોસાયટીમાં સોસાયટીમાં ગંદાપાણીના ભરાવાના કારણે રોગચાળાની સમસ્યા સર્જાય છે. અગાઉ પણ અહીં ડેન્ગ્યુના બે કેસ મળી આવ્યા હતા. ગટરનું પાણી મોટા પ્રમાણમાં ભરાઈ રહે છે. જેના કારણે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. આજુબાજુમાં નિર્જન જગ્યા હોવાથી ઝેરી જીનજંતુઓનો ભય રહે છે. સફાઈ વેરો નિયમીત ભરવા છતા આ સમસ્યાઓ દુર થતી નથી ત્યારે નગરપાલિકા દ્વારા આ બાબતે ઘટતી કાર્યવાહી કરી બજરંગ નગરમાં ગંદકીની સમસ્યાઓ દુર કરાય તેવી માંગણી કરી હતી.

ઉલ્લેખનીય છે કે શેહરના અનેક વિસ્તારોમાંથી રજુઆતો મળે છે. પરંતુ નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરાતી ન હોવાથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## બેરોજગારોએ નામ નોંધણી કરાવવા સૂચના

અમદાવાદ, તા. ૮

શ્રમ અને રોજગાર વિભાગની રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા સંચાલિત યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, યુનિવર્સિટી કન્ઝ્યુમર સ્ટોરની બાજુમાં, ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ. અમદાવાદ-૯ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ બે રોજગાર ઉમેદવારોની નામ નોંધણી, રીન્યુઅલ વધારાની લાયકાતની નોંધણી કરવામાં આવે છે. પરંતુ હવેથી ગ્રેજ્યુએટ સહીત તમામ રોજગાર વાંચ્છુ ઉમેદવારોની નોંધણી, રીન્યુઅલ તેમજ અપડેશનની કામગીરી પણ આ કચેરી ખાતે કરાવી શકે છે એમ નાયબ વડા, યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, અમદાવાદની યાદીમાં જણાવ્યું છે.

## પાલનપુરમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન ઉંઘતા ઝડપાયેલા બે પોલીસ જવાનો સસ્પેન્ડ

પાલનપુર, તા. ૮

પાલનપુર નવાગંજ માર્ગ પર મોડી રાત્રે પેટ્રોલિંગ દરમિયાન પોલીસજીપમાં આરામ કરતા બે પોલીસ જવાનો જિલ્લા પોલીસ વડાના હાથે ઉંઘતા ઝડપાયા હતા અને તાત્કાલિક બન્ને પોલીસ જવાનોને સસ્પેન્ડ કર્યા હતા. પરિણામે જિલ્લા પોલીસ બેડામાં ખળભળાટ વ્યાપી ગયો હતો.

પાલનપુર શહેર સહિત અનેક આસપાસના વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી રાત્રિ દરમિયાન ચોરીના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો હોવાથી જિલ્લા પોલીસ વડાએ કડક પેટ્રોલિંગની સૂચના આપી હતી. આથી દરેક પોલીસમથકના જવાનો રાત્રિ પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે ગતરોજ જિલ્લા પોલીસવડા અશોકકુમાર યાદવે મોડીરાત્રે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધર્યુ હતું અને ગોબરી રોડથી નવાગંજ તરફના માર્ગ પર પહોંચતા પૂર્વ શહેર પોલીસમથકના ટ્રાફિક જીપ ચાલક કીશોરકુમાર હીરાલાલ અને હરજીભાઈ ધરમાભાઈ ફરજ દરમિયાન જીપમાં ઉંઘતા ઝડપાયા હતા. આથી જિલ્લા પોલીસવડાએ બન્ને પોલીસકર્મીને ફરજમાં બેદરકારી બદલ ફરજ મુક્ત કર્યા હતા જેથી પોલીસબેડામાં ખળભળાટ વ્યાપી ગયો છે.

## નગરપાલિકાની ચૂંટણીમાં મતદારો વધુમાં વધુ ત્રણ મત આપી ઈ.વી.એમ.નું પીળું બટન મત રજીસ્ટર કરવા જરૂર દબાવે

ગાંધીનગર, તા. ૮

રાજ્યની ૭૫ નગરપાલિકાની સામાન્ય, તાલાલા નગરપાલિકાની મધ્યસત્ર તથા જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ ની બે બેઠક અને ૧૧ નગરપાલિકાઓના ૧૧ વોર્ડની ૧૪ બેઠકોની પેટાચૂંટણી તા. ૧૦-૨-૨૦૧૩ના રોજ યોજવા રાજ્ય ચૂંટણી આયોગે કાર્યક્રમ જારી કરેલ. કાર્યક્રમ મુજબ ઉમેદવારી પરત ખેંચાયા બાદ જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ ની બે બેઠકો પર ભારતીય જનતા પક્ષના ઉમેદવાર બિનહરીફ જાહેર થયેલ છે.

સામાન્ય ચૂંટણી હેઠળની નગરપાલિકાઓ પૈકી હળવદ નગરપાલિકાની ૨૧ બેઠકો પર ભા.જ.પ.ના ઉમેદવાર બિનહરીફ થયેલ છે અને કુતિયાણા નગરપાલિકામાં ૯ બેઠકો પર ભા.જ.પ. અને ૧૨ બેઠકો પર અપક્ષના ઉમેદવારો બિન હરીફ થયેલ છે. ઉપરાંત ૧૬ નગપાલિકાઓમાં ૪૭ બેઠકો ઉપર ઉમેદવારો બિન હરીફ જાહેર થયેલ છે.

પેટા ચૂંટણી હેઠળની ૪ નગરપાલિકાઓની ૫ બેઠકો બિન હરીફ જાહેર થયેલ છે.

તા. ૧૦-૨-૨૦૧૩ના રોજ મતદાન માટે જિલ્લાતંત્ર દ્વારા નિયુક્ત કરેલ મતદાન ટૂકડીઓ મતદાનની સામગ્રી સહિત તા. ૯-૨-૨૦૧૩ના રોજ પોત પોતાના નિયુક્ત કરવામાં આવેલું મતદાન મથકો પર પહોંચશે તેની તમામ વ્યવસ્થા કરવામાં આવેલ છે. દરેક મતદાન મથકે પોલીસ બંદોબસ્ત પણ સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

હવે ચૂંટણી હેઠળની નગરપાલિકાઓમાં તા. ૧૦-૨-૨૦૧૩ના રોજ મતદાન થશે. નગરપાલિકામાં એક વોર્ડમાંથી ત્રણ કાઉન્સીલર/ સભ્ય ચૂંટવામાં આવે છે અને તેથી વોર્ડના મતદારો વધુમાં વધુ ત્રણ મત આપી શકે છે. મત આપ્યા પછી પોતાનો મત રજીસ્ટર/નોંધાય તે માટે ઈ.વી.એમ. પર પીળું બટન (જે બેલેટ યુનિટ પર છેલ્લે છે) દબાવવાનું રહેશે. મત નકામો ન જાય તે માટે મતદારોને મત આપ્યા પછી પીળું બટન દબાવવા ખાસ અપીલ છે.

## પ્રેમપુર નજીક ડેભોલ નદી નજીક ટ્રેક્ટર પરથી ચાલક પડી જતા મોત

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પ્રેમપુર ગામ નજીક શુક્રવારના રોજ સવારે ડેભોલ નદીમાંથી રેતી ભરીને આવી રહેલ ટ્રેક્ટરના ચાલક ટ્રેક્ટરમાંથી પડી જતા મોત થયું હતું. આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે રોહિતભાઈ બાબુભાઈ રાવળે ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ શુક્રવારની વહેલી સવારે ૭.૩૦ વાગેના સુમારે પ્રેમપુર ગામની સીમમાં આવેલ ડેભોલ નદીમાંથી ઈલોલના ૪૯ વર્ષીય હેમંતચંદપ્પા નરેક્ટર ટ્રેક્ટર નંબર-જીજે-૯-એ-૮૬૦૬ માં રેતી ભરીને હિંમતનગર તરફ આવવા નીકળેલ. દરમિયાન ગામની નદીમાંથી ટ્રેક્ટર ઢાળ ચડી રહ્યું હતું ત્યારે અચાનક ચાલક હેમંતચંદપ્પા નરેટકર ચાલુ ટ્રેક્ટરે સીટમાં ઉછળી બહાર પડ્યો હતો અને તેની ઉપર ટ્રેક્ટરનું ટાયર ચડી ગયેલ જેના કારણે ચાલકેને શરીરે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે રોહિતભાઈ બાબુભાઈ રાવળે ફરિયાદ નોંધાવી હતી.

## આણંદ પાસે કાર ઝાડ સાથે અથડાતા જામળા ગામના બે ક્ષત્રિય યુવાનના મોત

હિંમતનગર, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના જામળા ગામના બે ક્ષત્રિય યુવાન લાડીબાને તેડવા આણંદના સીમલાવ ગામે જઈ રહ્યા હતા દરમિયાન ગામથી ૧૦ કિમી દૂર શુક્રવારના રોજ વહેલી સવારે કાર ઝાડ સાથે અથડાતા બે યુવાનના મોત નીપજ્યા હતા જે બંને યુવાનની લાશ પોતાના વતને શુક્રવારની સાંજે લાવ્યા હતા અને અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

હિંમતનગર તાલુકાના જામળા ગામના વનેસિંહ કલ્યાણસિંહ રાઠોડ જે ગામ નજીક આવેલા કઠવાડિયા ગામની પ્રાથમિક શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે તેમના નાના દીકરા અમિતસિંહ વનેસિંહ રાઠોડના લગ્ન ગત વર્ષે આણંદ જિલ્લા અને તાલુકાના સીમલાવ ગામે થયા હતા જે અમિતસિંહ વનેસિંહ રાઠોડ અનેતેમના ત્યાં કામ કરતા અને જામળા ગામ નજીક આવેલા ઢબાલ ગામના હરીશસિંહ અર્જુનસિંહ ચૌહાણ બંને ગુરૂવારના રોજ રાત્રીના આશરે ૯ વાગે ઈન્ડીકા કાર લઈ અમિતસિંહ રાઠોડ તેમની પત્નીને તેડવા સીમલાવ ગામે નીકળ્યા હતા. દરમિયાન શુક્રવારની વહેલી સવારે આશરે ૫ વાગેના સુમારે સીમલાવ ગામથી દૂર ૧૦ કિલોમીટર કાર અચાનક બાવળના ઝાડ સાથે ટકરાઈ હતી. જેમાં બંને યુવાનના ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું. જે બંને યુવાનની લાશ આણંદ ખાતે સિવિલ હોસ્પિટલમાં લાવી પોસ્ટમોર્ટમ કર્યા બાદ શુક્રવારના રોજ સાંજે પોતાના વતને લાવ્યા હતા અને અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

## પ્રાંતિજ ટોલટેક્સમાં ભાવ વધારો કરાતાં વાહનચાલકો વિફર્યા




પ્રાંતિજ, તા. ૮

ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે પર કતપુર પાસે આવેલ ટોલપ્લાઝા પર ટોલટેક્ષમાં ભાવ વધારાની વિરોધમાં આજે શાકભાજી અને દૂધના વાહનોને વ્યાજબી ટેક્ષની માંગણી સંદર્ભે ખેડૂતો અને વાહનચાલકોએ થોડા સમય માટે આજે ટોલપ્લાઝા પર હલ્લાબોલ કરી તેને બાનમાં લીધુ હતુ.

મળતી માહિતી અનુસાર ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે નં. ૮ હોવાથી અસંખ્ય વાહનો ત્યાંથી પસાર થાય છે. જેમાંથી મોટાભાગના વાહનો દિવસમાં અનેકવાર આવનજાવન કરે છે. જેમાં ખેડૂતોને શાકભાજી વેચવા ત્યાંથી પસાર થવું પડે છે. તેમજ દૂધના વાહનો પણ અહીંથી પસાર થાય છે. ત્યારે ટોલટેક્સમાં રૂપિયા દસનો અચાનક ભાવ વધારો ઝીંકી દેતા કિસાનો અને દૂધના ટેન્કર ચાલકોમાં અસંતોષ થતાં ખેડૂતો અને વાહનચાલકોએ આજે ટોલપ્લાઝા પર હલ્લાબોલ કરી વાહનવ્યવહાર અટકાવી દીધો હતો. તેમજ ભાવવધારા સામે ઉકળી ઉઠેલા વાહનચાલકોએ ટોલપ્લાઝાની કેબીનોને નિશાન બનાવી ભારે ટોડફોડ કરી હતી. આ દરમિયાન હાઈવે પર ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. તેમજ આ લોકોએ રૂપિયા દસનો વધારો તરત પાછો ખેંચવાની માંગણી કરી હતી. ઘટનાની જાણ પોલીસને કરતા તાત્કાલિક પ્રાંતિજ પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને ખેડૂતો અને વાહનચાલકોને સમજાવી પરિસ્થિતિ થાળે પાડી હતી. જો કે પરિસ્થિતિ થાળે પાડતા અને ટ્રાફિક નિયમન કરતા પોલીસને પણ નાંકે દમ આવી ગયો હતો.

## પાલનપુરમાં શાકમાર્કેટ વિસ્તારના દબાણો દૂર કરાતા વેપારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર

### બે દિવસમાં અંદાજે ૮૦ થી ૮૫ લાખનું નુકશાન



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હિંમતનગર, તા.૮

પાલનપુરમાં નગરપાલિકા કચેરી સામે આવેલ શાક માર્કેટ, સ્ટેશન રોડ અને સિમલાગેટ સહિતના અનેક વિસ્તારોમાં મોટા પાયે થયેલા દબાણો અંગે નગરપાલિકા તંત્ર એ લાલ આંખ કરી દબાણ દૂર કરવાની ઝુંબેશ હાથ ધરાતા ભારે ચકચાર મચી ગઈ હતી. આથી લીલા શાકભાજીના વેપારીઓ અચોકકસ મુદતની હડતાલ પર ઉતરી ગયા છે પરિણામે હાલ શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દબાણ હટાવો ઝુંબેશ અંતર્ગત આજે પાલનપુર શહેરમાં ખેડૂતો અને શાકભાજીના વેપારીઓએ આપેલ અચોકકસ મુદતની હડતાલને પગલે સમગ્ર રોડ પર આજે ભારે સન્નાટો જોવા મળ્યો હતો. જયારે જે નાના મોટા વેપારીઓ પાસે લીલા શાકભાજીનો જથ્થો પડયો હતો તેવા વેપારીઓ શાકભાજી વેચાણ અર્થે મુકતા શહેરીજનોને ભારે ઉંચા ભાવે શાકભાજી ખરીદવા મજબુર થવું પડયું છે.

વળી વહીવટી તંત્ર દ્વારા શાકભાજી માર્કેટની જગ્યા જગાણા રોડ પર લઈ જવાની વાત કરતા વેપારીઓએ નજીકમાં જગ્યા માટે માંગ કરતા તંત્રની ઓફર ફગાવી દીધી હતી. છેલ્લા ૨ દિવસથી પાલનપુર શાક માર્કેટ બંધ રહેતા અંદાજે વેપારીઓ-ખેડૂતોને રૂ. ૮૦ થી ૮૫ લાખનું નુકશાન પહોંચ્યું છે.

## હિંમતનગરની વિદ્યાનગરી સંકુલમાં ત્રિ-દિવસીય રમોત્સવ

હિંમતનગર, તા. ૮

હિંમતનગર ખાતે આવેલી ડી.એલ.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં ત્રિ-દિવસીય રમોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.આ રમતોત્સવમાં ૫૦૦ વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ભાગ લઈ રહ્યા છે.

હિંમતનગરની વિદ્યાનગરી કોલેજ સંકુલમાં આયોજીત આ રમોત્સવમાં સંકુલમાં સ્થિત ટેકનીકલ કોલેજોમાં બી.બી.એ., બી.ઈ.એ., પી.જી.ડી.સી.એ., એમ.સી.એ. તથા એમ.બી.એ. સહિત કોલેજના ૫૦૦ વિદ્યાર્થીઓએ ક્રિકેટ, કેરમ,ચેસ, વોલીબોલ, ૧૦૦ મી. રેસ, વન મિનિટ ગેમ જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. આ ખેલ મહોત્સવમાં વિવિધ રમતોમાં વિજય મેળવનાર ખેલાડીઓને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવ્યા હતા. વિજેતા ખેલાડીઓને વિદ્યાનગરી સ્ટાફ તથા સંકુલના ચેરમેન ડી.એલ. પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## હિંમતનગરના નવાગામ મુકામે ખેડૂત સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર્સ એન્ડ કેમીકલ્સ લિમીટેડની 'સ્પેશીયલ નિદર્શન યોજન' હેઠળ જી.એસ.એફ.સી. ગોધરા એરિયા મેનેજર એચ.એલ. પટેલ દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના નવા ગામ આધુનિક ખેતી અંગે ખેડૂત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૩૦૦ ખેડૂતોએ સહર્ષભાગ લઈ ખેતી પદ્ધતિને સમજીને આધુનિક જ્ઞાન લીધુ હતું.

આ સભામાં સરદાર કૃષિનગર દાંતીવાડા યુનિવર્સિટીના ખેતીવાડી કેન્દ્ર તલોદથી આવેલ એસોસીયેટ પ્રો. ડો. ડૉ. મફતભાઈ પટેલે ખેડૂતોને કપાસના પાકની વૈજ્ઞાનિક ખેતી વિશે સંપૂર્ણ માહિતી આપી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખેડબ્રહ્માથી આવેલ વિષય નિષ્ણાંત ડૉ. કે.જી. વીહોલે બટાટાના પાકની સંપૂર્ણ આધુનિક ખેતીની માહિતી આપી હતી. ગુજરાત સરકારના હિંમતનગર મુકામના મદદનીશ ખેતી નિયામક એસ.જે. જિન્દાલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિશે સવિસ્તારથી માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

## ભિલોડાના શામળપુર ગામની સીમમાં પોણા ત્રણ કરોડનો વિદેશી દારૂ નાશ કરાયો

હિંમતનગર, તા.૮

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના શામળપુર ગામની સીમમાં શુક્રવારના રોજ સવારે શામળાજી પોલિસ મથકમાં પકડાયેલ ૧૮ ગુનાનો પોણા ત્રણ કરોડનો વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો.

વિગત મુજબ શુક્રવારના રોજ સવારે ૧૧ વાગેના સમયે શામળાજી પોલીસ મથકના પી.એસ.આઈ. જે.એમ. વાઘેલા, ઈડર ડીવાયએસપી-એ.ડી. ચૌધરી, પ્રાંત અધિકારી-રીન્કેશ પટેલ, નશાબંધી અને આબકારી અધિક્ષકની હાજરીમાં શામળાજી પોલિસ મથકમાં ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૨ થી ૬ ફેબ્રુઆરી ૨૦૧૩ના સમય દરમિયાનનો ૧૮ ગુનોના ૨ લાખ ૪ હજાર ૩૬૨ બોટલો કિંમત રૂ. ૨ કરોડ ૮૭ લાખ ૯૫ હજાર ૮૦ના દારૂનો નાશ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં શુક્રવારના રોજ ૧૫ ગુનાનો ૧ લાખ ૪૦ હજાર ૩૬૭ બોટલોની કિંમત રૂ. ૧ કરોડ ૮૨ લાખ ૪૫ હજાર ૮૮૦નો નાશ કરવામાં આવ્યો હતો. જયારે સમયના અભાવે ૩ ગુનાનો ૬૩ હજાર ૯૯૫ બોટલો કિંમત રૂ. ૧ કરોડ ૫ લાખ ૪૯ હજાર ૨૦૦નો વિદેશી દારૂ શનિવારના રોજ સવારે નાશ કરવામાં આવશે તેવું શામળાજી પોલિસ મથકના રાઈટર પ્રવિણસિંહે જણાવ્યું હતું.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી
રવિવારે શો રૂમ
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પા...
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮